# નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ.,નવસારી.

(નોંધણીનં . સા. ૩૨૬૬૬ તા. ૨૯–૧૧–૨૦૦૧)

## તા. ૨૩/૫/૨૦૧૮ની સામાન્ય સભામાં ચર્ચવામાં આવેલ મુદ્દાઓ અન્વયે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ ઠરાવો.

**૧. મેડીકલ બેઈઝ ઉપર લોન આપવા બાબત**

⇨ જે તે સભાસદ પોતે કે તેના કુટુંબીજનો દવાખાનામાં બિમારીવશ દાખલ થઈ સારવાર લઈ રહેલ હોય તો જ તેમને પ્રાથમિકતાના ધોરણે લોન મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને મેડીકલ બેઈઝ પર અપાતી લોનના કારણે લોન ઈચ્છુક પ્રતિક્ષા યાદીમાં થતા ફેરફારને બધા સભાસદોએ માન્ય રાખી સહયોગ આપવો તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**૨. ફિક્સ પગારદાર કર્મચારીઓને લોન આપવા બાબત**

⇨ ફિક્સ પગારદાર કર્મચારીઓને મંડળીમાં આજીવન સભ્ય બનાવી શકાશે પરંતુ તેઓ ફિક્સ પગાર દરમ્યાન લોન માટે હકકદાર ગણાશે નહી તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૩. નવા સભાસદોની લોન સમય મર્યાદા નકકી કરવા બાબત**

⇨ નવા સભાસદો માટે લોન મેળવવા કોઈ સમય મર્યાદા ન રાખવા, પરંતુ નોંધણીમાં પ્રતિક્ષા યાદી મુજબ લોન આપવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ

**૪. દર વર્ષે આપવામાં આવતા તેલના ડબ્બાની પ્રથા બંધ કરવા બાબત**

⇨ સભાસદોના હિતાર્થે શરૂ કરવામાં આવેલ તેલના ડબ્બાના વિતરણની યોજના અન્વયે ખૂબ લંબાણપૂર્વકની ચર્ચા વિચારણા કરવામાં આવી અને બધાજ પાસાઓનો વિચાર કર્યા બાદ તેલ વિતરણ યોજના બંધ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫. નકૃયુ, નવસારીમાંથી નિવૃત થનાર અધિકારી/કર્મચારીઓએ મંડળીનો નોડયુ સર્ટીફીકેટ લેવા બાબત**

⇨ નવસારી કૃષિ યુનિવર્સિટીમાંથી નિવૃત થનાર કર્મચારીઓએ અત્રેની મંડળીનો નોડયુ સર્ટીફીકેટ નિવૃત થવાના છ માસ બાકી હોય ત્યારેજ મેળવવું ત્યાર પહેલા આપવામાં આવશે નહી. અને જો લોનની રકમ બાકી હોય તો તે રકમ ભરપાઈ કર્યા બાદજ નોડયુ આપવું. તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**૬. લોનની અરજી કર્યા પછી લોનની જરૂરીયાત નથી તેવા કિસ્સામાં અમલ કરવા બાબત**

⇨ લોન ઈચ્છુક સભાસદ લોન મંજુર થયા પછી લોન લેવાની ના પાડે તેવા કિસ્સામાં જે તે તારીખ પછીના બે વર્ષ સુધી લોન આપવી નહી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૭. અરસ પરસ લોનની પ્રથા બંધ કરવા બાબત**

⇨ ઘણા સભાસદો અરસ પરસ સમજુતિથી લોન લેવાની પ્રથા અપનાવે છે. તે પ્રથા હવે પછી બંધ કરવા સારૂ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૮. શેર સર્ટીફીકેટ જમા કરાવવા બાબત**

⇨ જે તે સભાસદ મંડળીમાંથી રાજીનામુ આપી છુટા થયા બાદ વધુમાં વધુ છ માસ સુધીમાં શેર સર્ટીફીકેટ જમા કરાવી તેના નાણાં મેળવી શકશે. ત્યારબાદ આપોઆપ શેર સર્ટીફીકેટ ના નાણાં મંડળીના ફંડમાં જમા લેવા. જો કે ઓડિટરશ્રીનો અભિપ્રાય મેળવીને આ અંગે નિર્ણય લેવો તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૯. બીજી વાર લોન લેવાની સમય મર્યાદા બાબત**

⇨ એકવાર લોન લીધા પછી જે તે સભાસદ ૧૦ માસ (હપ્તા)સુધી ભરપાઈ કર્યા પછી ફરીથી બીજી લોન મેળવવા માટે અરજી કરી શકશે. તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૧૦. અરજી કર્યા પછી લોનની રકમમાં ફેરફાર કરવા બાબત**

⇨ લોન માટે કરવામાં આવેલ અરજીમાં એક વાર જે રકમની માંગણી કરવામાં આવેલ હશે તે રકમમાં કોઈપણ જાતનું વધારો કરવામાં આવશે નહી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## ૧૧. વાર્ષિક અહેવાલ છપાવવા બાબત

➩ હવે પછી વાર્ષિક હિસાબી એહવાલ ઓન લાઈન મુકવા અને કાગળ તેમજ છપામણી ખર્ચની બચત કરવી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## ૧૨. વાર્ષિક હિસાબી સ્લીપમાં આપવામાં આવતા ટૂંકા શબ્દો બાબત

➩ વાર્ષિક હિસાબી સ્લીપમાં આપવામાં આવતા ટૂંકા શબ્દોનો ફુલફોર્મ આપવા સારૂ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## ૧૩. બદલી થતાં જાણ કરવા બાબત

➩ યુનીવર્સિટીમાં એક ઓફીસમાંથી બીજી ઓફીસમાં કર્મચારીઓની બદલી થતી હોય છે. જેની જાણ મંડળીને કરવામાં આવતી નથી. જેના કારણે કપાતપત્રકમાંથી જે તે કર્મચારીના ખાતામાં બચન/લોનના હપ્તાની એન્ટ્રી કરતી વખતે ઘણીજ તકલીફ પડે છે. જો આ બાબતને ધ્યાનમાં લેવામાં આવે અને મંડળીને જાણ કરવામાં આવે તો ઘણીજ રાહત રહે તેમ છે. જો ફકત બદલીના ઓર્ડરની એક કોપી મંડળીને સભાસદ તરફથી આપવામાં આવે અથવા 'અ' ઓફીસમાથીં 'બ' ઓફીસમાં મારી બદલી થયેલ છે તેની સાદા કાગળ ઉપર જાણ કરવામાં આવે તો ઘણું જ સારૂ રહેશે. ચર્ચાને અંતે  જાણ કરવાની સઘળી જવાબદારી સભાસદની રહેશે તેમ ઠરાવવામાં આવ્યુ.

## ૧૪. લોન માટેની પ્રતિક્ષા યાદી પ્રસિધ્ધ કરવા બાબત

➩ લોન માટે આવેલ સભાસદોની માસ વાર પ્રતિક્ષા યાદી ઓન લાઈન પરિપત્રીત કરવા સારૂ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

## ૧૫. નકૃયુ, નવસારીમાંથી નિવૃત થનાર અધિકારી/કર્મચારીઓની કપાત બાબત

➩ નવસારી કૃષિ યુનિવર્સિટીમાંથી નિવૃત થનાર કર્મચારીઓની ફરજીયાત બચતની કપાત તેમના નિવૃત થવાના છેલ્લા ત્રણ માસ બાકી હોય ત્યાર પછી  ફ.બ.ની રકમ (રૂા.૧૦૦૦/–) તેમના પગારમાંથી કાપવી નહી તે બાબતની જાણ હેડ ઓફ યુનિટને કરવી તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

## ૧૬. રીટાયર્ડ થતાં જાણ કરવા તથા જરૂરી ફોર્મ ભરી અને નાણાં મેળવવા બાબત

➩ કોઈપણ સભાસદ યુનિવર્સિટીમાંથી રીટાયર્ડ થાય છે ત્યારે મંડળીને જાણ કરવામાં આવતી નથી જેથી અગાઉ જણાવ્યા પ્રમાણેની તકલીફ પડે છે. તો મંડળી પાસેથી જરૂરી ફોર્મ ભરી અને તાત્કાલીક આપવામાં આવે તો મંડળીને તેના છેલ્લા હપ્તાની કપાત કયા માસમાં થયેલ છે. કયારે રીટાયર્ડ થયેલ છે તના ઉપરથી આખરી હિસાબ આપવામાં ઘણી જ સરળતા રહે તેમ છે.

નવસારી
તારીખ: ૨૨/૬/૨૦૧૮

મંત્રી
**નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત**
**અને ધિરાણ સહકારી મંડળી, લિ.,નવસારી.**

**નકલ રવાના:**

તમામ સંબધિતો તરફ જાણ તથા અમલ અને સહયોગ પુરો પાડવા વિનંતી સહ